For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# DGVCLએ 8 કલાકનો વીજકાપ રદ કર્યો

**સાંજે** 4થી રાત્રે 12 વાગ્યા સુધી ઔદ્યોગિક ફીડરો પર વીજ પુરવઠો સતત ચાલુ રહેશે

**કોલસો**, ઓછો વરસાદ અને પવન ઊર્જામાં ઘટાડાથી સર્જાયેલી વીજ અછત વચ્ચે નિર્ણય

સુરતઃ રાજ્યમાં ગંભીર વીજ સંકટની સ્થિતિ વચ્ચે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક એકમો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. DGVCL દ્વારા અગાઉ જાહેર કરાયેલા સ્ટેગરડે મુજબના વીજકાપની વ્યવસ્થા આજથી રદ કરવામાં આવી છે. હાયર ઓથોરિટીની સૂચના મુજબ, ઔદ્યોગિક ફીડરો પર સાંજે 4થી રાત્રે 12 વાગ્યા સુધીનો વીજકાપ દૂર કરવામાં આવ્યો છે અને આ સમયગાળા દરમિયાન વીજ પુરવઠો

...અનુસંધાન પાના 5 પર





## હવે ઉદ્યોગોને આ ફાયદા થશે

1. **ઉત્પાદન ક્ષમતા અને આવકમાં વધારો**
   સાપ્તાહિક રજા વિના અઠવાડિયાના સાતેય દિવસ પ્લાન્ટ કે ફેક્ટરી ચાલુ રહેવાથી ઉત્પાદનમાં સીધો વધારો થાય છે.
2. **ઉત્પાદન ખર્ચમાં ઘટાડો**
   ફિક્સ્ડ ખર્ચમાં રાહતઃ કારખાનાનું ભાડું, મશીનરીનો ઘસારો અને કાયમી સ્ટાફનો પગાર જેવો ઉત્પાદન ખર્ચ ઘટે છે.
3. **સમયસર ડિલિવરી અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા**
   ઓર્ડર પૂરા કરવામાં ઝડપઃ વિદેશી કે સ્થાનિક ક્લાયન્ટ્સના મોટા ઓર્ડર સમયસર પૂરા કરી શકાય છે

## આ કારણસર વીજસંકટ ઊભું થયું હતું

(1) ગરમીના કારણે એરકન્ડિશનરનો વપરાશ પણ વધ્યો હતો.
(2) સૂર્યાસ્ત બાદ સોલાર પેનલમાંથી વીજ ઉત્પાદન બંધ થઈ ગયો હતો.
(3) વીજળીની માગ અને પુરવઠા વચ્ચે સંતુલન જાળવવાનો પડકાર હતો.
(4) નવરાત્રિ દરમિયાન રાત્રિના સમયે વીજળીની માગમાં વધારો થયો હતો.
(5) ઓછા વરસાદને કારણે જળવિદ્યુત ઉત્પાદનમાં ઘટાડાની સ્થિતિ સર્જાઈ છે.
(6) ઓડિશા સહિતની કોલસાની ખાણમાં પાણી ભરાતાં ઉત્પાદન પર અસર

## રાત્રે વીજળીની માંગ વધતાં મુશ્કેલી

અલ નીનો સહિતના હવામાન સંબંધિત પરિબળોની અસરથી પવન ઊર્જાના ઉત્પાદનમાં પણ અપેક્ષા મુજબનો વધારો થતો નથી. ગુજરાત સોલાર ઊર્જાના ઉત્પાદનમાં અગ્રેસર હોવા છતાં સૂર્યાસ્ત બાદ સોલાર વીજળી મળતી નથી. આ સમયે વીજળીની માગ પૂરી કરવા થર્મલ પાવર પર આધાર વધે છે. રાત્રે કારખાનાં, ફેક્ટરીઓ અને ઘરોમાં વીજ વપરાશ વધતો હોવાથી કોલસા આધારિત વીજળી પર દબાણ ઊભું થાય છે. જોકે, હાલ DGVCL દ્વારા ઔદ્યોગિક વીજકાપ રદ કરાતાં દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને ઉત્પાદન જાળવી રાખવામાં રાહત મળશે.

---

**સુરતનો પોતીકો તહેવાર ગણાતા ચંદી પડવા માટે મનપાની ઝુંબેશ તેજ**

# સુરતની જાણીતી વધુ 10 સંસ્થામાંથી ઘારીના 20 નમૂના લેવામાં આવ્યા

**બે** દિવસથી મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ચેકિંગ કરાઈ રહ્યું છે

**જેના** સેમ્પલ ફેઈલ જશે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

સુરતઃ સુરતનો અત્યંત લોકપ્રિય અને પોતીકો તહેવાર એટલે કે 'ચંદી પડવો', જેને લઈને સુરતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. "સુરતનું જમણ અને કાશીનું મરણ" કહેવતને સાર્થક કરતા આ પર્વ નિમિત્તે સુરતીઓ મોટા પ્રમાણમાં ઘારીની ખરીદી

...અનુસંધાન પાના 5 પર

## કઈ સંસ્થામાંથી કયા નમૂના લેવાયા?

- પિયુષભાઈ ચંપકલાલ બારડોલીવાળા (રાણીતલાવ મેઈન રોડ, ભાગળ) (નમૂનાઃ માવા ઘારી, પિસ્તા ઘારી)
- બાબુભાઈ સ્વીટ સિલેક્શન (નવાપુરા, કરવા રોડ) (નમૂનાઃ માવા ઘારી, પિસ્તા ઘારી)
- શાહ જમનાદાસ ઘારીવાલા (ચૌટા બજાર) (નમૂનાઃ કેસર બદામ ઘારી, બદામ પિસ્તા ઘારી)
- મેસર્સ વિજય ડેરી પ્રોડક્ટ્સ (અડાજણ પાટિયા) (નમૂનાઃ પિસ્તા ઘારી, માવા ઘારી)
- સુમુલ ડેરી (રેલવે સ્ટેશન રોડ) (નમૂનાઃ કેસર બદામ ઘારી, પિસ્તા ઘારી)
- ૨૪ કેરેટ મિઠાઈ મેજિક (માળીની વાડી, સલાબતપુરા, રિંગરોડ (નમૂનાઃ માવા ઘારી, પિસ્તા ઘારી)
- હરજી મોતી મીઠાઈવાલા (વાડી ફળિયા, ખાંડવાલાની શેરી) (નમૂનાઃ માવા ઘારી, પિસ્તા ઘારી)
- ન્યુ રમેશ મીઠાઈ (ભટાર ચાર રસ્તા) (નમૂનાઃ માવા ઘારી, પિસ્તા ઘારી)
- સાઈ ટ્રેડર્સ (મોહન મીઠાઈ) - ભાગલ (નમૂનાઃ માવા ઘારી, બદામ પિસ્તા ઘારી)
- શાંતાબેન ઠાકોરભાઈ હલવાવાળા (ઠાકોરની મીઠાઈ) (ભાગલ) (નમૂનાઃ માવા ઘારી, પિસ્તા ઘારી)

---

## હવે કદાચ ઠંડક થશે, ચિકદા-ડેડિયાપાડા વચ્ચે કમોસમી વરસાદ



ચિકદાઃ નવનિર્મિત ચિકદા તાલુકાથી ડેડિયાપાડા તાલુકા વચ્ચેના વિસ્તારમાં શુક્રવારે બપોરે કમોસમી છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. છેલ્લા ઘણા દિવસથી શિયાળાની ઋતુમાં ઉનાળાના તાપ સહન કરવાનો વારો આવ્યો હતો, જેના કારણે વાતાવરણ પર અસર થઈ રહી હતી. જોકે, શુક્રવારે ચિકદા તાલુકામાં શંભુનગર સહિત અનેક ગામડાં તથા ડેડિયાપાડા પંથકમાં શુક્રવારે બપોરે કમોસમી ક્ષણિક ઝાપટું પડ્યું હતું. આ અમીછાંટણાને કારણે વાતાવરણમાં મહદઅંશે ફેરફાર થયો હતો. ઝાપટાં પડ્યા બાદ ફરીથી તડકો પડવા માંડ્યો હતો.

---

**એક જ મતદારને અન્ય મતદાર જુથમાં પણ મતદાન કરવા દેવાયું**

# બારડોલી સુગરની ચૂંટણી રદ કરવા સહકારી ટ્રીબ્યુનલમાં પિટિશન કરાઈ

**ચૂંટણી** પરિણામોને કાયદાકીય નિયમોના ભંગ બદલ સહકારી ટ્રીબ્યુનલમાં ગંભીર રીતે પડકારવામાં આવ્યાં

બારડોલીઃ બારડોલી સ્થિત શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ, બાબેનની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી સામે ધી ગુજરાત કો.ઓ. સોસાયટી એકટ-૧૯૬૧ની કલમ ૧૪૫-યુ હેઠળ ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ સમક્ષ ઈલેક્શન પિટિશન દાખલ કરવામાં આવી છે. આ અરજી પિટિશનર પલસાણાના ગંગાધરાના 164, પટેલ હાઉસમાં રહેતા યોગેશભાઈ ચંપકભાઈ પટેલ અને રૂવાના પટેલ ફળિયામાં રહેતા મનીષકુમાર સુરેશચન્દ્ર પટેલ દ્વારા રજૂ કરવામાં આવી છે. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર જિજ્ઞા પરમાર

...અનુસંધાન પાના 5 પર

## કોની કોની સામે રજૂઆત?

-ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર જિજ્ઞા પરમાર (શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેન-બારડોલી)
વિજેતા ઉમેદવારોઃ પટેલ સતીષભાઈ શૈલેષભાઈ (જૂથ-૧), સોલંકી ભૂપેન્દ્રસિંહ તખ્તસિંહ (જૂથ-૨), પટેલ કિરીટકુમાર મગનભાઈ (જૂથ-૩), પટેલ અનીલભાઈ હરિભાઈ (જૂથ-૪), પટેલ ચેતનભાઈ વનમાળીભાઈ (જૂથ-૫), પટેલ પ્રફુલભાઈ મોહનભાઈ (જૂથ-૬), પટેલ મુકેશચંદ્ર નગીનભાઈ (જૂથ-૭), પટેલ અતુલભાઈ જયંતીભાઈ (જૂથ-૮), ભક્ત રૂપેશભાઈ રામચંદ્ર (જૂથ-૯), પટેલ વિનોદચંદ મગનલાલ (જૂથ-૧૦) અને પટેલ પંકજભાઈ રમણભાઈ (જૂથ-૧૧)

---

# લિંબાયત, ઉધના અને કનકપુર ઝોનમાં 27 ઓક્ટો.એ પાણી કાપ

**ડીંડોલી** જળવિતરણ મથકની ટાંકીઓની સફાઈને લઈને ત્રણ ઝોનની 10 લાખ વસતીને સીધી અસર થશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા આગામી 27 ઓક્ટોબર 2026ના રોજ લિંબાયત સ્થિત ડીંડોલી જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકીઓની સાફસફાઈ હાથ ધરવામાં આવશે. આ કામગીરીને કારણે લિંબાયત, ઉધના ઝોન-એ અને કનકપુર ઝોનના અનેક વિસ્તારોમાં સવારથી રાત

...અનુસંધાન પાના 5 પર

## કયા કયા વિસ્તારો અસરગ્રસ્ત થશે?

- **લિંબાયત & ડીંડોલી વિસ્તારઃ** ભક્તિનગર, રોયલ પેલેસ, પ્રિયંકા સિટી, મહાદેવનગર, ગોડાદરા ગામતળ, માનસરોવર, સ્વામિનારાયણ નગર, પરવત ગામતળ, ઉમિયાનગર તથા આસપાસની સોસાયટીઓ.
- **ઉધના & ભેસ્તાન વિસ્તારઃ** ભક્તિ નગર, સહજાનંદ, ડી.કે. નગર, સુપર સિનેમા રોડ, પ્રિયંકા સિટી પ્લસ, ઉન ગામતળ, રાહતનગર, ગભેણી,

...અનુસંધાન પાના 5 પર

---

# કડોદની મદ્રેસા હોસ્ટેલમાં ધોરણ-૧ની બાળકીનું બેભાન થયા બાદ મોત

**પેટમાં** દુખાવા બાદ ૮ વર્ષની બાળકી સવારે ઊઠી જ નહીં

કડોદઃ બારડોલી તાલુકાના કડોદ મીયાવાડી ગામે આવેલા બચ્ચોં કા ઘર મદ્રેસાની હોસ્ટેલમાં રહીને ધોરણ-1માં અભ્યાસ કરતી 8 વર્ષની વિદ્યાર્થિનીનું શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં ચકચાર મચી ગઈ હતી. હાલ સુરત શહેરના ઉન ગામ મૂળ ભાવનગરના સાંધિયાવાડના વતની સલીમ વાહીદઅલી સૈયદની 8 વર્ષીય પુત્રી નગ્મા કડોદ ખાતે આવેલી મદ્રેસાની હોસ્ટેલમાં રહી ધોરણ-1માં અભ્યાસ કરતી હતી. તા.21 ઓક્ટોબરના રોજ સાંજે છ વાગ્યાના અરસામાં નગ્માને પેટમાં અચાનક દુખાવો ઉપડતા મદ્રેસા સંચાલકો દ્વારા તેને ખાનગી દવાખાને લઈ જઈ સારવાર અપાવવામાં આવી હતી. સારવાર બાદ રાત્રે નવ વાગ્યે તે હોસ્ટેલના રૂમમાં સૂઈ ગઈ હતી. બીજા દિવસે સવારે સાડા પાંચ વાગ્યે તે ઊઠી હતી અને ત્યારબાદ ફરી સૂઈ ગઈ હતી. બાદ સવારે સાડા છ વાગ્યાના અરસામાં તેને ઉઠાડવાનો પ્રયાસ કરતાં તે કોઈ પ્રતિસાદ આપતી ન હતી અને બેભાન હાલતમાં જણાઈ આવી હતી. બાળકી બેભાન જણાતા મદ્રેસાના સ્ટાફ દ્વારા તાત્કાલિક તેને કડોદની દામોદર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને ચકાસીને મૃત જાહેર કરી હતી. આ બનાવ અંગે બાળકીના માસી ગુલાબશાહ અશરફ કરીમ ધોલીયા (રહે.,ઉન ગામ,

...અનુસંધાન પાના 5 પર

---

# મસ્તીમાં વંદે ભારત પર પથ્થરમારો

**ઉત્રાણ** અને સુરત વચ્ચે પૂર્વ દિશામાંથી પથ્થરમારો કરાયો હતો, કોચના કાચ તૂટી ગયા

**RPFએ** CCTV ફૂટેજના આધારે ત્રણ આરોપીઓને ઝડપ્યા



સુરતઃ ઉદયપુરથી સુરત આવતી વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં રેલવે સુરક્ષા દળએ ત્રણ યુવકોને પકડી પાડ્યા છે. આરોપ છે કે ત્રણેયએ માત્ર મોજ-મસ્તી ખાતર ટ્રેન પર પથ્થર ફેંક્યા હતા, જેના કારણે ટ્રેનના કોચના ત્રણ કાચ તૂટી ગયા હતા.

રેલવેના રિપોર્ટ મુજબ, આ ઘટનાની જાણ રાત્રે 11:29 વાગ્યે મુંબઈ સેન્ટ્રલ મંડળના કંટ્રોલ રૂમને મળી હતી. જાણકારી મુજબ ટ્રેન નંબર 26904 વંદે ભારત એક્સપ્રેસના કોચ C-6 માં સીટ નંબર 40, 41, 42, 60, 61 અને 62 પાસેની બારીઓના બે કાચ અને પેન્ટ્રી તરફ પથ્થર વાગ્યા હતા. કુલ ત્રણ કાચ તૂટ્યાનો ઉલ્લેખ છે. પથ્થરમારો ઉત્રાણ અને સુરત વચ્ચે પૂર્વ દિશા તરફથી કરવામાં આવ્યો હતો. સૂચના મળતા જ સુરત RPF પોસ્ટના ઈન્સ્પેક્ટર દિનેશ યાદવ, સબ ઈન્સ્પેક્ટર અમિત કુમાર અને ASI પ્રેમ સિંહ હાડા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમે ટ્રેન એસ્કોર્ટ પાર્ટીના પ્રભારી હેડ કોન્સ્ટેબલ શિવ નારાયણ સિંહનો સંપર્ક કરી સુરત યાર્ડમાં તાપી નદીની આસપાસ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આસપાસની ઝાડીઓમાં પણ તપાસ કરી હતી, પરંતુ શરૂઆતમાં કોઈ સુરાગ મળ્યો ન હતો.



### પથ્થર મારનાર ત્રણેય બિહારના વતની અને સુરતની ફેક્ટરીમાં મજૂર હતા

સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફર કે રેલવે કર્મચારીને ઈજા થઈ નથી. ત્યારબાદ ઇન્સ્પેક્ટર દિનેશ યાદવે એક ટીમ બનાવીને આસપાસના CCTV કેમેરા અને ટ્રેનના ફૂટેજની તપાસ કરાવી હતી. ફૂટેજના આધારે ત્રણ યુવકોની ઓળખ કરી તેમને પકડીને RPF પોસ્ટ પર લાવવામાં આવ્યા હતા. આરોપીઓની

...અનુસંધાન પાના 5 પર

---

**સુરત મનપા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં 'ભોપાળા'**

# 1થી 3ના શિક્ષકોને ધો.6થી 8નાં પેપરો તપાસવા માટે સોંપી દેવાયાં !

**પેપર** ચકાસવાની કામગીરી તર્કસંગત અને સમાન ધોરણે થવી જોઈએ તેવી શિક્ષકોની માંગ

સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં હાલ પરીક્ષાઓનો પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ તેની સાથે જ ઉત્તરવહી ચકાસણીની કામગીરીની અસમાન વહેંચણીને લઈને એક નવો વિવાદ ઊભો થયો છે. શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં બાલવાટિકા તેમજ ધોરણ 1 થી 3 ના નાના બાળકોને ભણાવતા શિક્ષકોને ધોરણ 6 થી 8 ના ઉચ્ચ પ્રાથમિક વર્ગોના પેપર તપાસવાની જવાબદારી સોંપવામાં આવી છે, જેના કારણે શિક્ષક આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સામાન્ય રીતે ધોરણ 6 થી 8 ના વિષયવસ્તુ, અઘરા પ્રશ્નો અને અભ્યાસક્રમથી સંબંધિત વિષય નિષ્ણાત શિક્ષકો જ વધુ સારી રીતે પરિચિત હોય છે. શાળાઓમાં ઉપલા ધોરણો માટે વિષય નિષ્ણાત શિક્ષકો ઉપલબ્ધ હોવા છતાં, પાયાના ધોરણોમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો પર આ વધારાનો કાર્યલયી અને મૂલ્યાંકનનો બોજ લાદવામાં આવ્યો છે. આ પ્રકારની અસંગત વહેંચણી પાછળના માપદંડો સામે અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા

...અનુસંધાન પાના 5 પર

---

# ફટાકડા ફૂટે તે પહેલા ખિસ્સામાં 'ધડાકા' થશે, ભાવ 25 %વધ્યા

**કાચા** માલની કિંમતો વધી જતાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ફટાકડાના ભાવમાં 15થી 25 ટકાનો વધારો

**વધુ** ભાવ છતાં બજારોમાં ફટાકડાનો સિઝનલ સ્ટોક ઠલવાયો, ખરીદી શરૂ થઈ ગઈ



સુરતઃ દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સુરતના બજારોમાં ફટાકડાની ખરીદીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જોકે, આ વર્ષે આતિશબાજીના શોખીનોને ફટાકડા ખરીદવા માટે વધુ નાણાં ખર્ચવા પડશે. કાચા માલની કિંમતોમાં થયેલા વધારા, પુરવઠામાં વિલંબ અને ફટાકડાની ફેક્ટરીઓમાં સુરક્ષાની કડક તપાસને કારણે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ફટાકડાના ભાવમાં 15થી 25 ટકા સુધીનો વધારો થયો છે. બીજી તરફ, બજારમાં 500થી વધુ પ્રકારના ફટાકડા ઉપલબ્ધ થવાથી બાળકો

...અનુસંધાન પાના 5 પર

## કયા કયા પ્રકારની વેરાયટીના ફટાકડા બજારમાં આવ્યા?

- ફટાકડાના બજારમાં આ વખતે 500થી વધુ વેરાયટી ઉપલબ્ધ, કિંમત 50થી શરૂ કરીને 8000 સુધી
- બાળકો માટે કલર સાવલ, મેજિક બોનાન્ઝા, જાદુઈ તલસાડી, દસ કલર પેન્સિલ, જમીન ચક્કર, ભંભુ, ફૂલઝરી સહિત રોકેટની નવી વેરાયટી
- યુવાનોમાં સૂતરી બોમ્બ, વિક્ટર બોમ્બ, વોલ્વો બોમ્બ, કમાન્ડર બોમ્બ તેમજ 240, 500 અને 1000 શોટ્સવાળા ફટાકડાની માંગ વધુ
- આકાશમાં વિવિધ રંગો અને સંગીત જેવી અવાજની અસર ઊભી કરતા મ્યુઝિકલ તથા કલરફુલ ફટાકડા પણ બજારમાં આવ્યા
- પ્રદૂષણ ઘટાડવાના હેતુથી ગ્રીન અને

...અનુસંધાન પાના 5 પર

## ફટાકડા માટેના સુરતમાં ક્યાં ક્યાં બજારો?

સુરતમાં નવસારી બજાર, ભાગળ અને ટાવર રોડ ફટાકડાની જથ્થાબંધ તથા છૂટક ખરીદી માટેના મુખ્ય બજારો છે. જ્યારે ડબગરવાડ, ગલેમંડી અને દિલ્હીગેટ સહિતના વિસ્તારોમાં પણ દિવાળીની મોસમને ધ્યાનમાં રાખીને સીઝનલ સ્ટોલ શરૂ થઈ ગયા

...અનુસંધાન પાના 5 પર

---

# વલસાડની શાહ કે.એમ. લો કોલેજના 70 વિદ્યાર્થીનાં પરીક્ષા ફોર્મ વિડ્રોલ કરાયાં

**ઓછી** હાજરીનું કારણ આપી પરીક્ષાથી વંચિત રાખવામાં આવતાં વિદ્યાર્થીઓનું વર્ષ બગડવાની ભીતિ

**બાર** કાઉન્સિલના સભ્યએ યુનિવર્સિટી સમક્ષ રજૂઆત કરી

સુરતઃ વલસાડની શાહ કે.એમ. લો કોલેજમાં ઓછી હાજરીનું કારણ આગળ ધરી એલએલ.બી. અને એલએલ.એમ.ના આશરે 70 વિદ્યાર્થીનાં યુનિવર્સિટી પરીક્ષાનાં ફોર્મ ખોટી રીતે વિડ્રોલ કરવામાં આવ્યાં હોવાનો આક્ષેપ થયો છે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડવાની ભીતિ વચ્ચે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય અને એડ્વોકેટ ભાવેશ રબારીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવને રજૂઆત કરી વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા તથા બાકી રહી ગયેલાં પેપર ફરીથી લેવાની માંગ કરી છે.

રજૂઆત મુજબ તા.22 ઓક્ટોબર, 2026ના રોજ યોજાયેલી એલએલ.બી. સેમેસ્ટર-3ની યુનિવર્સિટી પરીક્ષામાં આશરે 18 વિદ્યાર્થીનાં ફોર્મ વિડ્રોલ કરીને તેમને ઓછી હાજરીનું કારણ આપી પરીક્ષા આપવા દેવામાં આવી ન હતી. ઉપરાંત તા.28 ઓક્ટોબરથી શરૂ થનારી એલએલ.એમ. સેમેસ્ટર-3ની પરીક્ષામાં પણ આશરે 22 વિદ્યાર્થીનાં ફોર્મ વિડ્રોલ કરવામાં આવ્યાં હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. જ્યારે એલએલ.બી. સેમેસ્ટર-1ના અનેક વિદ્યાર્થીઓનાં ફોર્મ પણ વિડ્રોલ કરવામાં આવનાર હોવાની માહિતી મળી હોવાનું જણાવાયું

...અનુસંધાન પાના 5 પર

---

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



સ્વ. ચીમનભાઇ રાવસીભાઇ ચૌધરી
સ્વ. તા. ૨૪-૧૦-૨૦૧૭

**નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે, જીવન સદાય એવું જીવ્યા કે જોનારા જોયા કરે, ધર્મ કદી ભૂલ્યાં નહિ, વ્યવહાર કદી ચૂક્યા નહિ, આપના સંસ્કારોનું સિંચન, વાત્સલ્યભર આત્મબળ અખૂટ પ્રેરણા આપના સાંનિધ્યની અનુભૂતિ કરાવે છે આપની યાદ સદાય અમારી સાથે રહેશે.
પ્રભુ આપના આત્માને દિવ્ય શાંતિ આપે એવી અમારી પ્રભુ પ્રાર્થના

લિ. ગં.સ્વ. કપિલાબેન ચીમનભાઇ ચૌધરી
ચિંતનકુમાર ચીમનભાઇ ચૌધરી
નિધિ ચિંતનકુમાર ચૌધરી
પ્રણવી ચિંતનકુમાર ચૌધરી
સ્વ.દિનુભાઇ રાવસીભાઇ ચૌધરી | ગં.સ્વ. ચંચળબેન દિનુભાઇ ચૌધરી
હેતલકુમાર શાંતિલાલ ચૌધરી | પ્રિયંકાબેન હેતલકુમાર ચૌધરી
દર્શનકુમાર જીતેન્દ્રભાઇ ચૌધરી | હિનાબેન દર્શનકુમાર ચૌધરી
સમર્થકુમાર દર્શનકુમાર ચૌધરી
મંથનકુમાર હેતલકુમાર ચૌધરી



સ્વ. ભીખુભાઈ રતનજીભાઈ આહિર
સ્વ. તા. ૨૦/૧૦/૨૦૨૬

**આહિર અવસાન**

દિલગીર સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **સ્વ. ભીખુભાઈ રતનજીભાઈ આહિર** નું તારીખ 20/10/2026 ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ એમની દિવ્ય આત્માને શાંતિ આપે.

**સદ્ગતનું બેસણું : તારીખ 24/10/26 ને શનિવારના રોજ સવારે 10.00 કલાકે રાખેલ છે.**

**ક્રિયા પાણી : તારીખ 31/10/2026 ને શનિવારના રોજ સવારે 10.00 કલાકે રાખેલ છે.**

નિવાસ સ્થાન : જુનાગામ, મંદિર ફળિયું (સુવાલી રોડ)

શોકાતુર
પિન્ટુભાઈ ભીખુભાઈ આહિર | મનોજભાઈ ભીખુભાઈ આહિર
વિપુલભાઈ ભીખુભાઈ આહિર | તથા સમસ્ત પરિવાર, જુનાગામ



સ્વ. અનિલભાઈ વનમાળીભાઈ પટેલ
સ્વ.તા.૨૪/૧૦/૨૦૨૧

**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સ્નેહની હુંફ ગઈ, સ્મૃતિ રહી ગઈ. આંખો સામે હતા તમે, તસ્વીર રહી ગઈ. આંખો વરસી રહી છે તસ્વીર જોઈ તમારી. મન માનતું નથી કે હયાતી નથી તમારી. તમારો પરોપકારી, મિલનસાર, સેવાભાવી સ્વભાવ સદાય અમને માર્ગ ચીંધતો રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. ચંદનબેન અનિલભાઈ પટેલ (પત્ની)
ટીંજલ - હિરેનભાઈ (દીકરી-જમાઈ)
કિશા-જુબીનભાઈ (દીકરી-જમાઈ)
નિર્વા, હાર્વિ